પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ પ્રાર્થનાસભામાં

આરોહ અવરોહ સાથે ગાઈ શકે

એવા.....

# ભજન

## ની સરવાણી

(સંકલિત)



《સંકલન》

દિનેશકુમાર પી. પરમાર

Scanned by CamScanner

# સંત સાહિત્યમાં પ્રખ્યાત

સાખીઓ = કબીરસાહેબની
પદો = મીરાંબાઇનાં
રવેણીઓ\રમૈની =કબીરસાહેબની
ભજનો = દાસી જીવણનાં
આગમ = દેવાયત પંડિતનાં
પ્યાલા = લખીરામના
કાફી = ધીરાની
ચાબખા = ભોજાભગતના
છપ્પા = અખાના
કટારી = દાસી જીવણની
ચુંદડી = મૂળદાસની
પંચપદી = રતનબાઇની
પ્રભાતિયાં = નરસિંહ મહેતાનાં
દોહે = કબીરસાહેબ, રહિમ અને તુલસીદાસના
ચોપાઇઓ = તુલસીદાસની

Scanned by CamScanner

પ્રથમ પહેલાં સમરીએ રે, સ્વામી તમને સુંઢાળા (૨)
રિદ્ધિ સિદ્ધિ ના તમે દેવ દેવ મારા (૨)
મહેર કરો મહારાજજી ...

માતા રે જેના, (૨)પાર્વતી એ સ્વામી તમને સુંઢાળા
પિતા રે શંકર દેવ દેવ મારા (૨)
મહેર કરો મહારાજજી ...

ધૂપ સિંદુરની સેવા ચડે રે સ્વામી તમને સુંઢાળા (૨)
ગળામાં ફૂલડાનો હાર દેવ મારા
ગળામાં ફૂલડાની માળ દેવ મારા
મહેર કરો મહારાજજી ...

કાનમાં કુંડળ જળહળે રે સ્વામી તમને સુંઢાળા (૨)
ગળામાં મોતીડાની માળ દેવ મારા (૨)
મહેર કરો મહારાજજી

પ્રથમ પહેલાં સમરીએ રે, સ્વામી તમને સુંઢાળા (૨)
રિદ્ધિ સિદ્ધિ ના આગેવાન તમે દેવ મારા (૨)
મહેર કરો મહારાજજી ...

રાવ કારણસિંહની વિનંતી રે સ્વામી તમને સુંઢળા (૨)
ભગતો ને કરજો સહાય દેવ મારા (૨)
મહેર કરો મહારાજજી

પ્રથમ પહેલાં સમરીએ રે, સ્વામી તમને સુંઢાળા (૨)
રિદ્ધિ સિદ્ધિ ના તમે તમે દેવ મારા (૨)
મહેર કરો મહારાજજી ... (૨)

Scanned by CamScanner

# પ્રેમની, પ્રેમની, પ્રેમની રે

પ્રેમની, પ્રેમની, પ્રેમની રે;
મુને લાગી કટારી પ્રેમની રે ... ટેક

જળ જમુનાનાં ભરવા ગયા'તાં;
હતી ગાગર માથે હેમની રે... મને લાગી કટારી

કાચે તે તાંતણે હરિજીએ બાંધી;
જેમ ખેંચે તેમ તેમની રે... મુને લાગી કટારી

બાઈ મીરાં કહે પ્રભુ ગિરધર નાગર;
શામળી સૂરત શુભ એમની રે... મુને લાગી કટારી

- **મીરાંબાઈ**

Scanned by CamScanner

# જૂનું તો થયું રે દેવળ

જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું,
મારો હંસલો નાનો ને દેવળ જૂનું તો થયું.

આરે કાયા રે હંસા, ડોલવાને લાગી રે,
પડી ગયાં દાંત, માંયલી રેખું તો રહ્યું ... મારો હંસલો

તારે ને મારે હંસા પ્રીત્યું બંધાણી રે,
ઉડી ગયો હંસ પીંજર પડી તો રહ્યું ... મારો હંસલો

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરનાં ગુણ,
પ્રેમનો પ્યાલો તમને પાઉં ને પીઉં ... મારો હંસલો

- મીરાંબાઈ

Scanned by CamScanner

# ગોવિંદના ગુણ ગાશું

ગોવિંદના ગુણ ગાશું,
રાણાજી, અમે ગોવિંદના ગુણ ગાશું.

ચરણામૃતનો નિયમ હમારે,
નિત્ય ઊઠી મંદિર જાશું ... રાણાજી અમે.

રાણોજી રૂઠશે તો રાજ તજાવશે,
પ્રભુજી રૂઠે રે મરી જાશું ... રાણાજી અમે.

વિષના પ્યાલા રાણાજીએ મોકલ્યા,
ચરણામૃત કરી લેશું ... રાણાજી અમે.

બાઈ મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
ચરણકમળ પર વારી જાશું ... રાણાજી અમે.

- મીરાંબાઈ

Scanned by CamScanner

# પાયોજી મૈંને રામ-રતન

પાયોજી મૈંને રામ-રતન ધન પાયો.

વસ્તુ અમુલખ દી મેરે સતગુરૂ,
કિરપા કર અપનાયો ... પાયોજી મૈંને

જનમ જનમકી પૂંજી પાઇ,
જગમેં સભી ખોવાયો ... પાયોજી મૈંને

ખરચૈ ન ખૂટે, ચોર ન લૂટે,
દિન દિન બઢત સવાયો ... પાયોજી મૈંને

સતકી નાવ, ખેવટિયા સતગુરૂ,
ભવ-સાગર તર આયો ... પાયોજી મૈંને

મીરાં કે પ્રભુ ગિરિધર નાગર,
હરખ હરખ જશ ગાયો ... પાયોજી મૈંને

- **મીરાંબાઈ**

Scanned by CamScanner

# બોલ મા બોલ મા

બોલ મા, બોલ મા, બોલ મા રે,
રાધા કૃષ્ણ વિના બીજું બોલ મા ... રાધા

સાકર શેલડીનો સ્વાદ તજીને,
કડવો તે લીમડો ઘોળ મા રે ... રાધા

ચાંદા સૂરજનું તેજ તજીને,
આગિયા સંગાથે પ્રીત જોડ મા રે ... રાધા

હીરા રે માણેક ઝવેર તજીને,
કથીર સંગાથે મણિ તોલ મા રે ... રાધા

મીરાં કહે પ્રભુ ગિરિધર નાગર,
શરીર આપ્યું સમતોલમાં રે ... રાધા

- મીરાંબાઈ

Scanned by CamScanner

# રામ રાખે તેમ રહીએ

રામ રાખે તેમ રહીએ,
ઓધવજી રામ રાખે તેમ રહીએ..
હે આપણે ચીઠીના ચાકર છૈએ
ઓધવજી રામ રાખે તેમ રહીએ...

કોઇ દિન પહેરણ હિર ને ચીર
તો કોઇ દિન સાદા ફરીએ,
કોઇ દિન ભોજન શિરો ને પૂરી
તો કોઇ દિન ભુખ્યાં રહીએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

કોઇ દિન રહેવાને બાગ-બગીચા
તો કોઇ દિન જંગલ રહીએ,
કોઇ દિન સુવાને ગાદી ને તકીયા
તો કોઇ દિન ભોંય પર સુઇએ,
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

બાઇ મીરાં કહે પ્રભુ ગિરિધરના ગુણ
સુખ-દુ:ખ સર્વે સહીએ
હે આપણે ચીઠીના ચાકર છૈએ
ઓધવજી, રામ રાખે તેમ રહીએ...

**- મીરાંબાઈ**

Scanned by CamScanner

# મેરુ તો ડગે જેનાં મન ના ડગે

મેરુ તો ડગે જેનાં મન નવ ડગે, પાનબાઈ
મરને ભાંગી પડે બ્રહ્માંડજી;
વિપત્તિ પડે તોય વણસે નહીં;
સોઈ હરિજનનાં પ્રમાણજી.

ચિત્તની વૃતિ જેની સદા રહે નિર્મળી,
ને કરે નહીં કોઈની આશજી;
દાન દેવે પણ રહે અજાચી,
રાખે વચનમાં વિશ્વાસ જી – મેરુ.

હરખ ને શોકની આવે નહીં હેડકી,
આઠે પહોર રહે આનંદજી,
નિત્ય રહે સત્સંગમાં ને
તોડે માયા કેરા ફંદજી – મેરુ.

તન મન ધન જેણે ગુરુને અર્પ્યાં,
તેનું નામ નિજારી નર ને નારજી,
એકાંતે બેસીને અલખ આરાધે તો,
અલખ પધારે એને દ્વારજી – મેરુ.

સતગુરુ વચનમાં શૂરા થઈ ચાલે,
શીશ તો કર્યાં કુરબાન રે,
સંકલ્પ વિકલ્પ એકે નહિ ઉરમાં,
જેણે મેલ્યાં અંતરનાં માન રે – મેરુ.

સંગત કરો તો એવાની કરજો,
જે ભજનમાં રહે ભરપુરજી.
ગંગા સતી એમ બોલિયાં, પાનબાઈ
જેનાં નેણોમાં વરસે ઝાઝાં નૂરજી – મેરુ. - ગંગા સતી

Scanned by CamScanner

# વીજળીને ચમકારે મોતીડાં પરોવો

વીજળીને ચમકારે મોતીડાં પરોવો રે પાનબાઇ !
નહિતર અચાનક અંધારા થાશે જી;
જોત રે જોતાંમાં દિવસો વઇ જશે પાનબાઇ !
એકવીસ હજાર છસોને કાળ ખાશે જી ... વીજળીને ચમકારે

જાણ્યા રે જેવી આ તો અજાણ છે રે વસ્તુ પાનબાઇ !
અધૂરિયાને નો કે'વાય જી,
ગુપત રસનો આ ખેલ છે અટપટો,
આંટી મેલો તો સમજાય જી ... વીજળીને ચમકારે

મન રે મૂકીને તમે આવો રે મેદાનમાં પાનબાઇ !
જાણી લીયો જીવ કેરી જાત જી;
સજાતિ વિજાતિની જુગતિ બતાવું ને,
બીબે પાડી દઉં બીજી ભાત જી ... વીજળીને ચમકારે

પિંડ રે બ્રહ્માંડથી પર છે ગુરૂ પાનબાઇ !
તેનો રે દેખાડું તમને દેશજી,
ગંગા રે સતી એમ બોલિયાં રે સંતો,
ત્યાં નહિ માયાનો જરીયે લેશ જી ... વીજળીને ચમકારે

- ગંગા સતી

Scanned by CamScanner

# શીલવંત સાધુને વારે વારે નમીએ

શીલવંત સાધુને વારે વારે નમીએ પાનબાઈ
જેના બદલે નહીં વ્રતમાન રે
ચિત્તની વૃત્તિ જેની સદા રહે નીર્મળી રે
જેને મહારાજ થયાં મહેરબાન રે .... શીલવંત સાધુને

શત્રુ ને મિત્ર જેને એકેય નહીં ઉરમાં ને
પરમારથમાં જેને ઝાઝી પ્રીત રે,
મન કર્મ વાણીએ એ તો વચનમાં ચાલે
એવી રૂડી પાળે જોને રીત રે .... શીલવંત સાધુને

આઠે પહોર એ તો મસ્ત થઈને રહે ને
એનાં જાગી ગયો તુરિયનો તાર રે,
નામ ને રૂપ જેણે મિથ્યા કરી માન્યું ને
સદાય ભજનનો જેને આરત રે ... શીલવંત સાધુને

સંગત તમે જ્યારે એવાની કરશો
ત્યારે ઉતરશો ભવ પાર રે,
ગંગા સતી એમ બોલિયાં રે પાનબાઈ
દેખાડે હરિ કેરા દ્વાર .... શીલવંત સાધુને

- ગંગા સતી

Scanned by CamScanner

ઓધાજી એમ મારા વ્હાલાને વઢીને કહેજો,
માને તો મનાવી લેજો.....

મથુરાના રાજા થ્યાછો,ગોવાળોને ભૂલી ગ્યાછો,
માંનીતીને મોહલે ગ્યાંછો......

એકવાર ગોકુલ આવો,માતાજી ને મોઢે થાઓ,
ગાયોને હંભારી જાઓ........

વ્હાલાની મરજી માં રહેશું,જે કહેશે તે લાવી દેશું,
કુબ્જાને પટ રાણી કહેશું,,,,,,

તમે છો ભકતોના તારણ,એવી અમને હૈયા ધારણ,
ગુણ ગાય ભગો ચારણ......

Scanned by CamScanner

પગ તમે ધોવા દ્યો રઘુરાયજી

પગ તમે ધોવા દ્યો રઘુરાયજી...
પ્રભુ મને શક પડ્યો મનમાંય, 'પગ મને ધોવા દ્યો' – ટેક

રામ લખમણ જાનકી એ, તીર ગંગાને જાય જી (૨);
નાવ માંગી નીર તરવા (૨),
ગુહ બોલ્યો ગમ ખાઈ. પગ મને. ૧

'રજ તમારી કામણગારી, નાવ નારી થઈ જાય જી (૨);
તો અમારી રંક-જન ની (૨),
આજીવિકા ટળી જાય, પગ મને. ૨

જોઈ ચતુરતા ભીલ જનની, જાનકી મુસકાય જી (૨)
'અભણ કેવું યાદ રાખે (૨),
ભણેલ ભૂલી જાય !, પગ મને. ૩

'આ જગતમાં દીનદયાળુ ! ગરજ-કેવી ગણાય જી; (૨)
ઊભા રાખી આપને પછી (૨),
પગ પખાળી જાય.' પગ મને. ૪

નાવડીમાં બાવડી ઝાલી, રામની ભીલરાય જી(૨);
પાર ઊતરી પૂછીયું 'તમે (૨),
શું લેશો ઉતરાઈ.' પગ મને. ૫

'નાયીની કદી નાયી લ્યે નઈ, આપણે ધંધાભાઈ જી (૨);
'કાગ' લ્યે નહિ ખારવાની (૨),
ખારવો ઉતરાઈ.' પગ મને. ૬

-કવિ શ્રી દુલા ભાયા કાગ

Scanned by CamScanner

# :: તું રંગાઈ જાને રંગમાં ::

તું રંગાઇ જાને રંગમાં, સીતારામ તણા સત્સંગમાં,

રાધેશ્યામ તણા તું રંગમાં ... તું રંગાઇ...

આજે ભજશું કાલે ભજશું, ભજશું સીતારામ હરે ભજશું રાધેશ્યામ.

શ્વાસ ખૂટશે નાડી તૂટશે, પ્રાણ નહીં રહે તારા અંગમાં.

તું રંગાઇ...

જીવ જાણતો ઝાઝું જીવશું, મારું છે આ તમામ.

પહેલા અમર કરી લેવું નામ, તેડું આવશે જમનું જાણજે.

જાવુ પડશે સંગમાં ... તું રંગાઇ...

ઘડપણ આવશે પછી ભજીશું, ઘરના કામ તમામ પછી કરીશું તીરથધામ.

પ્રભુ પડ્યો છે એમ ક્યાં રસ્તામાં, સૌજન કહેતા સંગમાં.

તું રંગાઇ...

આતમ એક દિ ઉડી જાશે, શરીર પડી રહેશે પલંગમાં.

તું રંગાઇ...

બત્રીસ ભાતનાં ભોજન જમતાં, ભેગી કરી છે ભામ.

તેમાં ક્યાંથી સાંભરે રામ, દાન પુણ્યથી દુર રહ્યો તું.

ફોગટ ફરે છે ઘમંડમાં ... તું રંગાઇ...

રંગરાગમાં ક્યારે રટશો, રહી જાશો આમને આમ.

માટે ઓળખ તું આતમરામ, 'બાબા આનંદ' હરી ઓમ અખંડ છે.

ભજતું શિવની સંગમાં... તું રંગાઇ...

Scanned by CamScanner

## :: પાપ તારું પ્રકાશ જાડેજા ::

પાપ તારું પ્રકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે,
તારી બેડલીને બૂડવા નહી દઉં...
એ જાડેજા રે એમ તોરલ કે છે જી....
તોડી સરોવર પાળ, સતી નારી તોડી સરોવર પાળ રે.
ગૌધન તરસ્યાં વાળિયા... તોળાંદે એમ જેસલ કહે છે જી.
લૂંટી કુંવારી જાન સતી નારી લૂંટી કુંવારી જાન રે,
મેં તો સાત વીસું મોડબંધા મારિયા...
તોળાંદે રે એમ જેસલ કે છે જી... પાપ તારું ...
હરણ હણ્યાઁ લખ ચાર, સતી નારી ...
મેંતો વનના મોરલા મારિયા.
તોળાંદે રે એમ જેસલ કે છે જી... પાપ તારું ...
ચરતી વાળી ગાય સતી નારી...
મેં તો બેન ભાણેજને દુભાવિયાં,
તોળાંદે રે એમ જેસલ કે છે જી... પાપ તારું ...
તારી બેડલીને બૂડવા નહીં દઉં...
એ જાડેજા રે એમ તોરલ કે છે જી... પાપ તારું ...
જેટલા મથ્થેજા વાળ સતી નારી ...
એટલા તો કરમ મેં કરિયા...
તોળાંદે રે એમ જેસલ કે છે જી... પાપ તારું ...
પાપ તારું પ્રકાશ જાડેજા, ધર્મ તારો સંભાળ રે.
તારી બેડલીને બૂડવા નહીં દઉં...
તોળાંદે રે એમ જેસલ કે છે જી... પાપ તારું ...

Scanned by CamScanner

## :: રમતો જોગી રે ક્યાંથી આવ્યો રે... ::

‘રમતો જોગી રે ક્યાંથી આવ્યો રે...

આવી મારી નગરીમાં અલખ જગાવ્યો રે, વૈરાગણ હું તો બની..

કાચી કેરી રે આંબા ડાળે રે...

હે જી એની રક્ષા કરે છે કોયલ રાણી રે, વૈરાગણ હું તો બની...

કોરી ગાગર રે ઠંડા પાણી રે ...

હે જી એના પાણીડાં ભરે છે નંદ કેરી રાણી રે, વૈરાગણ હું તો બની

કાને કુંડળ રે જટાધારી રે...

હેજી એની રક્ષા કરે છે નર ને નારી રે, વૈરાગણ હું તો બની...

બોલ્યા બોલ્યા ‘નિરલબાઈ’ રે,

હે જી મારા સાધુડા અમરાપુરમાં મ્હાલે રે,વૈરાગણ હું તો બની..’

Scanned by CamScanner

## :: જીવ શાને ફરે છે ગુમાનમાં ::

જીવ શાને ફરે છે ગુમાનમાં તારે રહેવું ભાડાના મકાનમાં
રોજ મ્હાલે છે એશઆરામમાં ... તારે રહેવુ ...
માને મારું મકાન કર્યા રંગને રોગાન
જાણે કાયમ લીધું છે વેચાણમાં ... તારે રહેવુ ...
રાખે એવી રૂઆબ જાણે મોટો નવાબ,
કાળ આવી કહેશે તારા કાનમાં ... તારે રહેવુ ...
લેશે જમડા ઝાલી કરો પળમાં ખાલી,
તારું ડહાપણ નહીં આવે કામમાં ... તારે રહેવુ ...
થશે હુકમનામુ નહીં ચાલે બ્હાનું,
તને સંતો ચેતાવે સાનમાં ... તારે રહેવુ ...

Scanned by CamScanner

# :: આત્માને ઓળખ્યા વિના રે ::

આત્માને ઓળખ્યા વિના રે,
હે લખ ચોરાસી નહીં રે મટે હો જી.
આ ભમણાને ભાંગ્યા વિના રે.
હે ભવના ફેરા નહીં રે ટળે હો જી...
આ હંસલો ને બગલો રે, રંગે રૂપે એક છે હોજી.
ઈતો એના આહાર થકી ઓળખાય રે...
આત્માને ઓળખ્યા વીના રે...
આ કાગડો ને કોયલ રે, રંગે રૂપે એક છે હોજી.
ઈતો એની વાણી થકી ઓળખાય રે...
આત્માને ઓળખ્યા વીના રે...
આ સતી અને ગુણકારે રંગે રૂપે એક છે હોજી.
ઈતો એની સેવા થકી ઓળખાય રે...
આત્માને ઓળખ્યા વીના રે.....
આ ગુરૂના પ્રતાપે રે હો 'બાઈ મીરા' બોલીયા હો જી.
દેજો અમને સંત ચરણમાં વાસ રે...
આત્માને ઓળખ્યા વીના રે...

-મીરાબાઈ

Scanned by CamScanner

## :: જા .. જા ... નિંદરા હું તને વારું ::

જા...જા... નિંદરા હું તને વારું,

તું છો નાર ધુતારી...જા...જા...

નીંદરા કહે હું નહીં ધુતારી,

હું છું ચંચલ નારી રે,

પશુ પંખીને સુખડા આપુ,

દુઃખડા મેલુ વિસારી રે...જા...જા...

એક સમયે રામ વનમાં પધાર્યા,

લક્ષ્મણને નિંદ્રા આવી રે...

સતી સીતાએ કલંક ચડાવ્યા,

ભાયુમાં ભાંતુ પડાવી રે...જા...જા...

જોગી લૂટયાં ભોગી લુટયાં,

લૂટયાં ને...જા ધારી રે...

બાર બાર વર્ષે લક્ષ્મણે ત્યાગી,

કુંભકર્ણે લાડ લડાવી રે...જા...જા...

ભલે મળ્યા મેતા નરસૈયાના સ્વામી,

ગોપી આનંદે સુખ પામી રે...જા...જા...

Scanned by CamScanner

# પંખીડા ને આ પીંજરું

પંખીડાને આ પીંજરું જુનું જુનું લાગે,
બહુયે સમજાવ્યું તોયે પંખી નવું પીંજરું માંગે....
પંખીડાને આ પીંજરું..

ઉમટ્યો અજંપો એને પંડ્યના રે પ્રાણનો, (૨)
અણધાર્યો કર્યો મનોરથ દુરના પ્રયાણનો.
અણદીઠેલ દેશ જાવા લગન એને લાગી----
બહુયે....

સોને મઢેલ બાજઠીયો ને સોને મઢેલ ઝૂલો,(૨)
હીરે જડેલ વીંઝણો મોતીનો મોંઘો અણમોલો,
પાગલ ના બનીએ ભેરુ, કોઈના રંગ રાગે---
બહુયે....

Scanned by CamScanner

પઢો રે પોપટ રાજા રામના, સતી સીતાજી પઢાવે
પાસે બાંધીને પાંજરૂં રે મુખે રામ જપાવે
હેજી પઢો રે પોપટ રાજા રામના..

પોપટ તમારે કારણે, લીલા વાંસ રે વઢાવું,
એનું રે ઘડાવું તમારું પાંજરૂં રે, હીરલા મોટી રે મઢાવું
હેજી પઢો રે પોપટ રાજા રામના..

પોપટ તમારે કારણે શી શી રસોઈ બનાવું?
સાકારના રે કરીને ચુરમા રે ઉપર ઘી પીરસાવું
હેજી પઢો રે પોપટ રાજા રામના..

પંખ પીળીને પગ પાંડુરા, કોટે કાંઠલો કાળો
નરસીયાના સ્વામીને ભજો રાગ તમે તાણીને રૂપાળો
હેજી પઢો રે પોપટ રાજા રામના..

Scanned by CamScanner

મોર, તું તો આવડાં તે રૂપ ક્યાંથી લાવ્યો;
મોરલો મરતલોકમાં આવ્યો

લાલ ને પીળો મોરલો અજબ રંગીલો,
વર થકી આવે વેલો;
સતી રે સુહાગણ સુંદરી રે,
સૂતો તારો શે'ર જગાયો રે;
મોરલો મરતલોકમાં આવ્યો- મોર, તું તો..

ઇંગલા ને પીંગલા મેરી અરજુ કરે છે રે;
હજી રે નાથજી કેમ ના'વ્યો;
કાં તો શામળીયે છેતર્યો ને કાં તો
ઘર રે ધંધામાં ઘેરાયો રે;
મોરલો મરતલોકમાં આવ્યો.- મોર, તું તો..

– દાસી જીવણ (જીવણ સાહેબ)

Scanned by CamScanner

કીડી બિચારી કીડલી ને કીડીના લગનીયા લેવાય
પંખી પારેવડા ને નોતર્યા...કે કીડી ને આપ્યા સન્માન
હાલો ને કીડીબાઇની જાનમાં....

મોરલે બાંધ્યો રૂડો માંડવો રે, ખજુરો પિરસે ખારેક
ભુંડે રે ગાયાં રૂડાં ગીતડાં...કે પોપટ પિરસે પકવાન,
હાલો ને કીડીબાઇની જાનમાં....

મંકોડાને મોકલ્યો માળવે રે લેવા માંડવીયો ગોળ
મંકોડો કેડે થી પાતળો...કે ગોળ ઉપડ્યો ન જાય
હાલો ને કીડીબાઇની જાનમાં....

મીનીબાઇને મોકલ્યાં ગામમાં રે એવા નોતરવાં ગામ
સામા મળ્યા બે કૂતરા...કે બિલાડીના કરડ્યા બે કાન
હાલો ને કીડીબાઇની જાનમાં....

ઘોડે રે બાંધ્યા પગે ઘુઘરા રે, કાકીડે બાંધી છે કટાર
ઉંટે રે બાંધ્યા ગળે ઢોલકા...કે ગધેડો ફૂંકે શરણાઇ
હાલો ને કીડીબાઇની જાનમાં....

ઉંદરમામા હાલ્યા રે રીસામણે ને, બેઠા દરીયાને પેટ
દેડકો બેઠો ડગમગે...કે મને કપડાં પહેરાવ
જાવું છે કીડીબાઇની જાનમાં....

વાંસડે ચડ્યો એક વાંદરો રે, જુએ જાનની વાટ
આજતો જાનને લુટવી...કે લેવા સર્વેના પ્રાણ
હાલો ને કીડીબાઇની જાનમાં....

કઇ કીડીની કોની જાન છે રે, સંતો કરજો વિચાર
ભોજા ભગતની વિનતી...કે સમજો ચતુર સુજાણ
હાલો ને કીડીબાઇની જાનમાં....

કીડી બિચારી કીડલી ને કીડીના લગનીયા લેવાય
પંખી પારેવડા ને નોતર્યા...કે કીડી ને આપ્યા સન્માન
હાલો ને કીડીબાઇની જાનમાં.....

Scanned by CamScanner

હે જી રે કર્મનો  સંગાથી, રાણા મારું કોઈ નથી.
હે જી રે કર્મનો  સંગાથી, હરિ વિણ કોઈ નથી.

હો એક રે ગાયનાં દો-દો વાછરું,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે બન્યો શિવજીનો પોઠિયો,
બીજો ઘાંચીડાને ઘેર ... હે જી રે કર્મનો  સંગાથી.

હો એક રે માતાનાં દો-દો દીકરા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એકને માથે રે છત્તર  બિરાજે,
બીજો ભારા વેચી ખાય ... હે જી રે કર્મનો  સંગાથી.

હો એક રે માટીનાં દો-દો મોરિયા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે મોરિયો શિવજીની ગળતી,
બીજો મસાણે મૂકાય ... હે જી રે કર્મનો  સંગાથી.

હો એક રે પત્થરનાં  દો-દો ટુકડા,
લખ્યાં એનાં જુદાં જુદાં લેખ,
એક રે બન્યો  શિવજીની મૂર્તિ,
બીજો ગંગાજીને ઘાટ ... હે જી રે કર્મનો  સંગાથી

હો એક રે વેલાના દો દો તુંબડા,
લખ્યાં એનાં જુદા જુદા લેખ,
એક રે તુંબડું સાધુના હાથમાં,
બીજું રાવળિયાને ઘેર ... હે જી રે કર્મનો  સંગાથી.

હો એક રે વાંસની દો દો વાંસળી,
લખ્યાં એનાં જુદા જુદા લેખ,
એક રે વાંસળી કાનકુંવરની,
બીજી વાગે વાદીડાને રે ઘેર ... હે જી રે કર્મનો  સંગાથી.

હો એક રે માતને દો દો બેટડા,
લખ્યાં એના જુદા જુદા લેખ,
એક રે બેઠો ચોરાશી ધૂણી તપ,
બીજો લખચોરાશી માંહ્ય ....

હે જી રોહીદાસ ચરણે મીરાંબાઈ બોલીયા,
દેજો અમને સંત ચરણે વાસ ... હે જી રે કર્મનો  સંગાથી.

Scanned by CamScanner

શંભુ ચરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો ।
દયા કરી દર્શન શિવ આપો ॥૧॥

તમે ભકતોના દુઃખ હરનારા, શુભ સૌનું સદા કરનારા ।
મારી મંદ મતિ, તારી અકળ ગતિ, કષ્ટ કાપો ॥૨॥
દયા કરી

અંગે ભસ્મ સ્મશાનની ચોળી, સંગે રાખો સદા ભૂત ટોળી ।
ભાલે તિલક કર્યું, કંઠે વિષ ધર્યું, અમૃત આપો ॥૩॥
દયા કરી

નેતિ નેતિ જ્યાં વેદ કહે છે, મારું ચિતડું ત્યાં જવા ચહે છે ।
સારા જગમાં છે તું, વસું તારામાં હું, શકિત આપો ॥૪॥
દયા કરી

હું તો એકલપંથ પ્રવાસી, છતાં આતમ કેમ ઉદાસી ।
થાક્યો મથી રે મથી, કારણ મળતું નથી, સમજણ આપો ॥૫॥ દયા કરી

આપો દ્રષ્ટિમાં તેજ અનોખું, સારી સૃષ્ટિમાં શિવરૂપ દેખું ।
આવી દિલમાં વસો, આવી હૈયે હસો, શાંતિ સ્થાપો ॥૬॥ દયા કરી

ભોળાશંકર ભવદુઃખ કાપો, નિત્ય સેવાનું શુભ ધન આપો ।
ટાળો મન મદા, ગાળો સર્વ સદા, ભકિત આપો ॥૭॥ દયા કરી

શંભુ ચરણે પડી, માગું ઘડી રે ઘડી કષ્ટ કાપો ॥૮॥ દયા કરી

Scanned by CamScanner

મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી મહાપ્રભુજી
મારૂ મનડું છે ગોકુલ વનરાવન મારા તનના આંગણિયાંમાં તુલસીના વન
હે મારા પ્રાણ જીવન....

મારા આતમના આંગણે શ્રીમહાપ્રભુજી
મારી આંખો વસે ગિરધારી રે ધણી મારૂ તન મન ગયું છે જેને વારી રે વારી
હે મારા શ્યામ મોરારિ.....
મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી શ્રીમહાપ્રભુજી....

હું તો નિત્ય વિઠ્ઠલ વર ની સેવા રે કરૂ
હું તો આઠે સમા કેરી ઝાંખી રે કરૂ મેં તો ચિતડું શ્રીનાથજી ને ચરણે ધર્યું
જીવન સફળ કર્યું .....
મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી શ્રીમહાપ્રભુજી....

હે મારા પ્રાણ થકી મને વૈષ્ણવ વ્હાલા
નિત્ય કરતા શ્રીનાથજી ને કાલા રે વાલા મેં તો વલ્લભ પ્રભુજી ના કીધાં છે દર્શન
મારૂ મોહી લીધું મન.....
મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી શ્રીમહાપ્રભુજી....

મેં તો ભક્તિ રે મારગ કેરો સંગ રે સાધ્યો
મેં તો પુષ્ટિ રે મારગ કેરો સંગ રે સાધ્યો
મને ધોળ કિર્તન કેરો રંગ રે લાગ્યો મેં તો લાલાની લાલી કેરો નંગ રે માંગ્યો
હીરલો હાથ લાગ્યો.....
મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી શ્રીમહાપ્રભુજી....

મારી અંત સમય કેરી સુણો રે અરજી
લે જો શ્રીજીબાવા શરણોમાં દયા રે કરી મને તેડાં રે યમ કેરા કદી ન આવે
મારો નાથ તેડાવે.....
મારા ઘટમાં બિરાજતા શ્રીનાથજી યમુનાજી શ્રીમહાપ્રભુજી....

Scanned by CamScanner

એક બાર શ્રી ભોલે ભંડારી
બનકર બ્રિજ કી નારી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

પાર્વતી ને મના કિયા
પર ના માને ત્રિપુરારી
ગોકુલ મેં ભા ગયે .. (૨)
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

રાસ રચેગા વૃજ મેં ભારી
હમેં દિખાદે પ્યારી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

ઓ હ ! મો રે ભોલે સ્વામી .. (૨
કૈસે લે જાઉં, તુમ્હેં રાસ મેં
મોરી સિવા કોઈ
કોઈ ના જાવે, ઇસ રાસ મેં ..

હંસી કરેગી બ્રિજ કી નારી .. (૨)
માનો બાત હમારી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

એક બાર શ્રી ભોલે ભંડારી
બનકર બ્રિજ કી નારી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

એસા સજા દે મુજ કો .. (૨)
કોઈ ના જાને ઇસ રાજ કો

સહેલી હૈ યે મેરી
એસા બતાના બ્રિજ રાજ કો

લગા કે ગજરા, બાંધ કે સાડી .. (૨)
તાલ ચલે મતવાલી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

એક બાર શ્રી ભોલે ભંડારી
બનકર બ્રિજ કી નારી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

પાર્વતી ને મના કિયા
પર ના માને ત્રિપુરારી
ગોકુલ મેં ભા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

એસી બજાઈ બંસી .. (૨)
શુદ્ધ-બુદ્ધ ભૂલે ભોલે નાથ રે
આ હી ગયે શંભુ
જાન ગયે સબ વૃજ નાર રે ..

બીચક ગઈ જબ સર સે સાડી .. (૨)
મુસ્કુરાયે બનવારી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

Scanned by CamScanner

પાર્વતી ને મના કિયા
પર ના માને ત્રિપુરારી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

એક બાર શ્રી ભોલે ભંડારી
બનકર બ્રિજ કી નારી
ગોકુલ મેં ભા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

પાર્વતી ને મના કિયા
પર ના માને ત્રિપુરારી
ગોકુલ મેં આ ગયે
ઓ હ ! ગો કુલ મેં આ ગયે ...

હ ! મો રે ભોલે સ્વામી .. (૨)
તબ સે ગોપિશ્વર હુઆ ધામ રે

ઓ હ ! મો રે ભોલે સ્વામી
બ સે ગોપિશ્વર પડા નામ રે ..

રા ચંદ હું શરણ તુમ્હારી .. (૨)
રાખો લાજ હમારી
ગોકુલ મેં છા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

એક બાર શ્રી ભોલે ભંડારી
બનકર બ્રિજ કી નારી
ગોકુલ મેં ભા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

પાર્વતી ને મના કિયા
પર ના માને ત્રિપુરારી
ગોકુલ મેં ભા ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ...

એક બાર શ્રી ભોલે ભંડારી
બનકર બ્રિજ કી નારી
ગોકુલ મેં આ ગયે
ઓ હ ! ગોકુલ મેં આ ગયે ... (૨)

ઓ હ ! ગોકુલ મેં .. આ .. ગયે ... (૨)

Scanned by CamScanner